This Question Paper contains 8 printed pages.

Seat No.: | | | | | | | |

Sl. No. :

# 001(G)

**(March, 2024)**

*Time : 3 Hours]* *[Maximum Marks : 100*

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્ર A, B, C, D, E પાંચ વિભાગમાં વહેંચાયેલું છે.
2) પ્રશ્નપ્રકાર પ્રમાણે વિકલ્પ આપેલ છે.
3) જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.
4) ભાષા શુદ્ધિ, લખાણ, મૌલિકતાને ગુણ પ્રાધાન્ય આપવામાં આવશે.

## વિભાગ - A (પદ્ય આધારિત)

■ નીચેના આપેલ બહુ વિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. (પ્રત્યેકનો 1 ગુણ) [3]

1) ધના ભગત ક્યા ગામના વતની હતા ?
   (અ) અંબાજી (બ) ધોળા
   (ક) ભાવનગર (ડ) રામપુરા

2) 'ભવના અબોલા' લોકગીતમાં નાયિકા કોને મનાવવા અથાગ પ્રયત્નો કરે છે ?
   (અ) સસરાને (બ) દાદાને
   (ક) માતાને (ડ) પતિને

3) ગોપી ક્યા રંગની સમીપ ન જવાનું જણાવે છે ?
   (અ) સફેદ રંગની (બ) પીળા રંગની
   (ક) લાલ રંગની (ડ) શ્યામ રંગની

■ નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ) [3]

4) 'બા એકલાં જીવે...' કાવ્યના કવિનું નામ જણાવો.
5) 'જુઓ' કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.
6) 'પથ્થર થરથર ધ્રૂજે' કાવ્ય ક્યા કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવેલ છે ?

■ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ) [4]

7) સમગ્ર બ્રહ્માંડમાં કોણ વ્યાપેલું છે ?
8) દમયંતી પોતાના પિતા આગળ કઈ મૂંઝવણ રજૂ કરે છે ?

9) પોતાને વનમાં જવા માટે લક્ષ્મણ ઊર્મિલાને કયું કારણ બતાવે છે ?

10) ભાણીએ કપડાં ધોવાનો કયો સમય પસંદ કર્યો છે ?

■ નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ, પ્રત્યેકના 2 ગુણ)

11) પરમાત્મા પૃથ્વી પર કયાં કયાં સ્વરૂપે રહેલો છે ?

12) ચારેય દેવોએ એક બીજાને શા શા શાપ આપ્યા ?

13) 'ભવના અબોલા' લોકગીતમાં નાયિકાને કયાં દુઃખ વેઠવાં પડે છે ?

14) ઓલિયાએ ગ્રામજનોને શું કહ્યું ? તેનું શું પરિણામ આવ્યું ?

■ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક)

15) 'દમયંતી સ્વયંવર' કડવાની કથા તમારા શબ્દોમાં લખો.

અથવા

'બા એકલાં જીવે'.. કાવ્યના આધારે બાની વેદના તમારા શબ્દોમાં લખો.

## વિભાગ - B (ગદ્ય આધારિત)

■ નીચે આપેલા બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર વિકલ્પમાંથી શોધીને લખો. (પ્રત્યેકનો 1 ગુણ) [3

16) વિનોબા ભાવે કયાં આવ્યા ત્યારે બાપુના એક ભાષણની ગરમાગરમ ચર્ચા ચાલ્યા કરતી હતી ?

(અ) હરદ્વાર (બ) કાશી

(ક) પાટણ (ડ) નવસારી

17) ઉછીનું માગનારાઓની નજર કોના જેવી હોય છે ?

(અ) કાગડા જેવી (બ) કાબર જેવી

(ક) ગીધ જેવી (ડ) કોયલ જેવી

18) ચંદનવાડી આગળ કઈ નદી બહુ ઘાટીલો વળાંક લે છે ?

(અ) સાબરમતી (બ) વાત્રક

(ક) ગંગા (ડ) શેષ

■ નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ ઉત્તર લખો. [3]

19) 'સૌજન્યશીલ પ્રભાશંકર' પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.

20) 'મા'ત્માના માણસ' પાઠના લેખકનું નામ જણાવો.

21) 'સેલ્વી પંકજમ્' પાઠ લેખકની કઈ સાહિત્યકૃતિમાંથી લેવામાં આવેલ છે ?

■ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ) [4]

22) વિજુ કેટલું ભણેલી હતી ?

23) અનુરુદ્ધ અને તેના મિત્રો કઈ રમતમાં લીન થઈ ગયા હતા ?

24) ડૉ. બાબા સાહેબના જીવનની તત્ત્વત્રયી કઈ છે ?

25) ભોજાએ રહેઠાણમાં શું બનાવ્યું હતું ?

■ નીચેના પ્રશ્નોના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખો. (કોઈપણ ત્રણ, પ્રત્યેકના 2 ગુણ) [6]

26) ગાંધીજીના પ્રત્યુત્તરની કઈ વાત વિનોબાને સ્પર્શી ગઈ ?

27) મોટા હોલમાં પ્રવેશતાં નાયકને કયું દૃશ્ય જોવા મળ્યું ?

28) ઉછીનું માગનારમાં વિવેક હોતો નથી એવું લેખકને કેમ લાગે છે ?

29) લેખિકાને કયાં કયાં નામ પારકાં (પરાયાં) લાગે છે ?

■ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક)

30) 'યુધિષ્ઠિર યુદ્ધવિષાદ' નાટકના કથાવસ્તુને તમારા શબ્દોમાં આલેખો.

અથવા

'શરત' વાર્તાના શીર્ષકની યથાર્થતા ચર્ચો.

## વિભાગ - C (પાઠ્ય પુસ્તક આધારિત વ્યાકરણ)

■ નીચેના સમાનાર્થી શબ્દો સામ-સામે જોડી લખો. (ગમે તે ચાર) [2]

| | | |
|---|---|---|
| 31) દેહ | પવન | સ્વભાવ |
| 32) તાસીર | ડર | કોમળ |
| 33) વાયરો | શરીર | બીક |
| 34) સ્નિગ્ધ | પ્રકૃતિ | વાયુ |
| 35) ભીતિ | સુંવાળું | તન |

■ નીચેના વાક્યમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે ફરીથી લખો. (ગમે તે ચાર) [2]

36) અમે ત્રણે ઘોડેસવારીની <u>આવડતવાળા</u> હતાં.

37) આ રાજમુગટ પર <u>કલંક</u> લાગ્યું છે

38) મેનાબહેન <u>ઉત્સાહમાં</u> આવી ગયા

39) હું <u>અસભ્ય</u> માણસમાંથી સેવક બન્યો છું

40) મને શરત <u>મંજૂર</u> છે

■ નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર) [2]

41) જીવમાત્ર પ્રત્યે એકાત્મકતા, સરખાપણું

42) વડના વૃક્ષ પર આવતું ફળ

43) ધ્યેયહીન, સૂઝબૂઝ વિનાનું

44) સમુદ્રમાં લાગતો અગ્નિ

45) આંખનો પલકારો પળ

■ તળપદા શબ્દોનું શિષ્ટ ભાષાનો માન્ય અર્થ લખો. (પ્રત્યેકનો અડધો ગુણ) [1]

46) હાટેથી

47) ટાણે

[1]

■ નીચેના શબ્દોની સાચી જોડણી લખો. (કોઈપણ બે)

48) યુધીષ્ઠીર

49) સ્વેત કેતૂ

50) સુનકાર

■ નીચેના પ્રશ્નોના ઉત્તર કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે લખો. (કોઈપણ છ, પ્રત્યેકનો અડધો ગુણ) [3]

51) માનવતાનો દરજ્જો તો વાઇસરોયની કાઉન્સિલના સભ્ય કરતાંય ઊંચો છે.
(નિપાત શોધો)

52) વાત કરતામાં ........ માતા ફફડી ઊઠી.
(ખાલી જગ્યામાં નિપાત મૂકો)

53) હું જંગલી જાનવર જેવો છું.
(વિશેષણ શોધો)

54) ઉછીનું માગનારની ....... ખાસિયત હોય છે.
(વિશેષણ લખો)

55) અમરનાથ જવા માટે અષાઢ કે શ્રાવણ માસ અનુકૂળ રહે છે.
(કૃદંત શોધો)

56) એના હાથ પર ઝાપટ ........ કહ્યું.
(ખાલી જગ્યામાં કૃદંત લખો)

57) દૂરથી આવતો દેખે વ્હાલાને કૈંક વેગથી.
(કૃદંત શોધી પ્રકાર લખો)

■ નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો.
(કોઈપણ બે, પ્રત્યેકનો 1 ગુણ) [2]

58) ઠરીઠામ બેસવું

59) રોડાવી લેવું

60) દિલમાં રામ વસવા

■ નીચેના વાક્યમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે ઉત્તર લખો. [3]
(કોઈપણ ત્રણ, પ્રત્યેકનો 1 ગુણ)

61) આ ગલી સાંજે ઘોડા પસંદક રીલીધા
(લેખન રૂઢિની દૃષ્ટિએ સુધારો)

62) પદ્દણીની પોણો સો વર્ષની કારકિર્દીમાં કાર્ય સિદ્ધિઓ અસંખ્ય છે
(ભાષા શુદ્ધ કરો)

63) ઓરડો નાનો, પરંતુ ખૂબ ચીવટમાં સજાવેલો હતો.
(પ્રત્યય સુધારો)

64) એને હજી નહોતું બધું આવતું માન્યામાં
(વાક્યમાં પદક્રમ ગોઠવો)

■ નીચેના સંયુક્ત કે સંકુલ વાક્યોને સાદા વાક્યમાં ફેરવી ફરીથી લખો. [2]
(કોઈપણ બે - પ્રત્યેકનો 1 ગુણ)

65) એણે હજારેક વાર નિર્ણય કર્યો હશે કે ફરી આવું બનવા ન દેવું.

66) માણસના હૃદયમાં પણ દુકાળની ભીષણતા હોય છે.

67) શ્વેતકેતુએ પાણીમાં હાથ ફેરવ્યો પણ એ ગાંગડો બિલકુલ જણાયો નહિ.

■ નીચેના સાદાં વાક્યોને સંયુક્ત કે સંકુલ વાક્યમાં ફેરવી લખો. [2]
(કોઈપણ બે - પ્રત્યેકનો 1 ગુણ)

68) અમારી ઘણીખરી ચીજોની માલિકી અમારી, કબજો ગિધુભાઈ દંપતીનો રહેતો.

69) દેવરાજ કેમ્પના સ્ટેશને ઊતર્યો, એને સૌ પહેલાં એની બાની યાદ આવી.

70) બારબાર વરસ વનવગડામાં આથડયાં, કોણ જાણે કેટલાં વરસ કાઢવાં હતાં ?

## વિભાગ - D (અર્થગ્રહણ)

■ નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ) [5]

'મને શું ના લેશો?' કુસુમ કગર્યું ધૂળે કર થકી
ઉવેખી નાખ્યું મેં મુજ કર વિશે શુદ્ધ કુસુમો
ચૂંટેલાં વૃક્ષેથી લઈ કદમ જ્યાં માંડુ-ઉચર્યું :
'મને શું ....' ને મેં તે ઊંચકી ધૂળ ખંખેરી ત્યહીં રે.
વદી ધૂલી ઊઠી : પ્રભુચરણનો સ્પર્શ કરવા
અભાગી હું એવી ? કવણ મુજનો દોષ અસહ ?
અને ધૂળે રંગ્યું કુસુમ ઊંચકી ધૂલિસભર

પણું, ત્યાં પાસેના કણકણી ઊઠ્યા કંકર કંઈ :
'ગુનેગારી શી છે ? પથ્થર બનિયા તે જ અમની ?'
અને એ ધૂળાળા કંઈક કર હું કંકર લઈ -
પળ્યો ત્યારે ઊભાં પથ ઉભય પાર્શ્વ સહુય તે
રહ્યાં ડોળા ફાડી દુખિત હૃદયે જીવ-અજીવ
અને મારી સાથે બલ ન રહ્યું ત્યારે હું કગર્યો :
હવે તો લૈ લે આ અખિલ જગ : એ માર્ગ જ રહ્યો.

— 'સુન્દરમ્'

પ્રશ્નો :

71) ધૂળમાં પડેલું ફૂલ કવિને શું કહે છે ?

72) ફૂલ ઉપરાંત બીજા કયા પદાર્થો કવિને પ્રાર્થે છે ? એ દરેક પદાર્થ કયા શબ્દોમાં આજીજી કરે છે ?

73) બધાની એકસરખી માગણીથી કવિ શી મૂંઝવણ અનુભવે છે ?

74) આખરે કવિ પ્રભુને શી પ્રાર્થના કરે છે ?

75) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચેના ગદ્યખંડના આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો.**
**(પ્રત્યેકનો 1 ગુણ)** **[5]**

પુસ્તકાલય એ માનવ-સંસ્કૃતિનું એક અવિભાજ્ય અંગ છે. એક જ જગ્યાએ અનેક વિષયોનાં પુસ્તકો એકઠાં કરવાનો સૌથી પ્રથમ જેણે વિચાર કર્યો હશે તેણે પૈડું શોધવા જેવું મહાભારત કાર્ય કર્યું હશે. જે કામ પૈડાંએ માનવ-સંસ્કૃતિ અને ટેક્નોલોજીના વિકાસ માટે કર્યું છે. તે કામ લાઈબ્રેરીએ માનવ-સંસ્કારના વિકાસ માટે કર્યું છે. અહીં હું સંસ્કૃતિ એટલે માણસની બહારની દુનિયાનો વિકાસ અને સંસ્કાર એટલે માણસની પોતાની અંદરની દુનિયાનો વિકાસ એ અર્થમાં આ બે શબ્દોનો ઉપયોગ કરું છું. માણસે કુદરતને ભલે માત કરી, ભલે તેણે ભૌતિક વિકાસનાં નવાં નવાં શિખરો સર કર્યા, પણ સાથે એનું હૃદય ન વિકસે તો દેશદેશમાં હિટલર જેવા નરરાક્ષસો ફૂટી નીકળે. જે કામ વ્યાયામશાળા શરીર માટે કરે છે તે કામ પુસ્તકાલય હૃદય અને બુદ્ધિ માટે કરે છે.

— વાડીલાલ ડગલી

પ્રશ્નો :

76) પુસ્તકાલય શેનું અવિભાજ્ય અંગ છે ?

77) વાડીલાલ ડગલીએ 'સંસ્કૃતિ' શબ્દનો ઉપયોગ કયા અર્થમાં કર્યો છે ?

78) હૃદય ન વિકસે તો શું પરિણામ આવે ?

79) વ્યાયામશાળા અને પુસ્તકાલય માણસ માટે ક્યાં કામો કરે છે ?

80) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

■ નીચેના ગદ્યખંડને ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [5]

81) કુદરતમાં ફરતી વખતે માણસને કેવો આનંદ આવે છે, એના ઉપરથી એનામાં સુખી થવાની ક્ષમતા કેટલી છે, જે જાણી શકાય છે. માણસ મૂળભૂત રીતે એક પ્રાણી છે અને પ્રાણીઓનું સાચું સ્થાન કુદરતમાં છે. પાંજરામાં રહેલું પક્ષી સલામત જરૂર હોય છે, પરંતુ એના જેવાં જ બીજાં કુદરતમાં ઊડતાં, ગાતાં પક્ષીઓ જેવું એ સુખી નથી હોતું. જે વ્યક્તિ ઊગતા કે આથમતાં સૂર્યનું સૌંદર્ય, ચાંદની રાતની શીતળતા, સૂમસામ રાતનું સંગીત, ઊંચા ઊંચા પર્વતોની ભવ્યતા, વહેતાં ઝરણાનો કલરવ, હવાનો મધુર સ્પર્શ કે ભીની માટીની સોડમ માણી શકે નહિ, તે એટલા પ્રમાણમાં સુખી થવાની ક્ષમતા ગુમાવી દે છે. સુખી સ્વભાવની વ્યક્તિ ધનવાન હોય કે નિર્ધન, કુદરતનાં સૌંદર્ય અને ભવ્યતાને જોઈને આનંદથી વિભોર થઈ જાય છે - થઈ જવી જોઈએ.

— શ્રી મોહમ્મદ માંકડ

■ નીચેના ગદ્યખંડને કાળ ક્રમ રીતિ પ્રમાણે વિચાર વિકાસના ક્રમમાં ગોઠવીને ફરીથી લખો. [5]

82) આપણા બધા પ્રયત્નો અને પૈસા સાર્થક થયા. એમની આંખોમાં આનંદનાં આંસુ હતાં. પરિષદમાંથી પોતાના નિવાસસ્થાને પાછા ફરતાં તેમણે પોતાનાં રાણીને કહ્યું. પરિષદમાં ત્યાં મહારાજાઓની હરોળમાં બેઠેલી એક વ્યક્તિના દેદીપ્યમાન ચહેરા ઉપર, ભાષણ સાંભળ્યા પછી અતિ પ્રસન્નતા કળાઈ રહી હતી, આજે એક મહાન કાર્યથી મળેલી સફળતા જોઈને અને પ્રાપ્ત થયેલા યશ થી આનંદ થયો. એ મહારાજા ગુજરાતના હતા. બ્રિટનમાં એમનો બંગલો પણ હતો.

## વિભાગ - E (લેખનની સજ્જતા)

83) તમને તાવ આવ્યો હોવાથી ડોક્ટરે એક અઠવાડિયા સુધી આરામ કરવાની સલાહ આપી છે. તમારા વર્ગશિક્ષકને તમારી રજા મંજૂર કરવા માટે અરજી કરો. [5]

[5]

■ નીચેના પાઠ્યેતર ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો.

84) "સ્ત્રી સમાનતા એટલે પુરુષના આધિપત્યનો ઇન્કાર; પુરુષના સાથનો ઇન્કાર નહિ. સ્ત્રીને પુરુષનો અને પુરુષને સ્ત્રીનો સાથ, એ જીવનમાં પ્રેમ-શક્તિ-આનંદનો સ્ત્રોત છે. આ પ્રેમ ને સંબંધ દ્વારા બન્ને ઘણું પામે છે. પોતાના કેન્દ્રની સાંકડી સરહદોમાંથી તેઓ બહાર નીકળી શકે છે. સ્ત્રી મુક્તિમાં

પુરુષ વિહોણા જીવનની કલ્પના નથી. પણ પરસ્પર સ્નેહ સંવાદ વડે સમૃદ્ધ બનતા જીવનની વિભાવન છે, પણ આવો સંબંધ સમાનતાના પાયા પર જ રચાઈ શકે છે."

**અથવા**

'શિસ્તનું માનવજીવનમાં મહત્ત્વ' વિશે આશરે સિત્તેરથી એંશી શબ્દોમાં નીચેના શબ્દો કે શબ્દસમૂહોનો ઉપયોગ કરીને ભાવાત્મક ગદ્યમાં એક પરિચ્છેદ લખો.

શબ્દયાદી - શિસ્તનું મહત્ત્વ, અંગ્રેજો પાસેથી, લશ્કરમાંથી, વિદ્યાર્થીઓ માટે ખાસ, નાગરિકોની કર્તવ્યનિષ્ઠા, ફરજપાલન, કતારબંધ ઊભા રહેવું, નાગરિકતાની જાગૃતિ, શિસ્તવિહોણું જીવન વ્યર્થ.

**નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** [10]

85) આજની સમસ્યા - ભ્રૂણ હત્યા :
પ્રસ્તાવના – અંધશ્રદ્ધા – ઘર – કુટુંબ અને સમાજનો દુરાગ્રહ – લાચાર યુવતીની મનોદશા – પુત્રની લોલુપતા – હત્યા – ઊભી થયેલી સામાજિક અસમાનતા – ઉપાયો.

રાષ્ટ્રીય એકતા :
પ્રસ્તાવના – વિવિધતામાં એકતા – ભારતનું પ્રથમ આગવું લક્ષણ – શહીદોની ઊંચી ભાવના અને હાલની પરિસ્થિતિનું મૂલ્યાંકન – એકતાની જરૂરિયાત – તેનાથી થતા ફાયદા – નાનપણથી જ શાળામાં એકતાનું બીજારોપણ – ઉપસંહાર.

લોકશાહીનું સાચું બળ - જનતા :
પ્રસ્તાવના – લોકશાહીના સંકલ્પનો અર્થ – પ્રજા યાને જનતા– લોકશાહીનું સાચું બળ – જનતાની જવાબદારી – લોકશાહીની સફળતાના ચાર પાયા – ઉપસંહાર.